ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૭

અંક : ૯

## મોસમની વિદાય વેળાએં......

લાગતુ હતુ કે ચોમાસાએ વિદાય લઈ લીધી કારણકે મોસમની શરૂઆત અતિવૃષ્ટિથી થઈ તેથી ઘણાં ખેડૂતોને ફરી વાવવું પડયુ, ઘણાને તો વાવવાની જરૂર જ ન રહી જમીન જ ધોવાઈ ગઈ હતી. વરસાદનો બીજો રાઉન્ડ સામાન્ય રહયો એટલે ખેડૂતો તો મુશ્કેલી અનુભવતા હતા પણ સામાન્ય માનવીને અને પશુઓને પાણીની અછત દેખાવા લાગી હતી ત્યાં મેઘરાજાની સવારીની પધરામણી ૧૮ સપ્ટેમ્બરથી થઈ. લોકોના ચહેરાઓ ખીલ્યાં. મોસમના અંતે પડેલા આ વરસાદથી તમામ ખેત ઉત્પાદનોને ટેકો મળ્યો છે. ખેડૂતોની બહુ બધી મુશ્કેલીઓમાં થોડી રાહત થઈ.

આપણી જળ સંચયની સમજથી ઘણાં વિસ્તારોમાં પાણીના સ્ત્રોત જીવંત રાખી શકયા તે જ રીતે હવે પાણીના વપરાશમાં જે કાર્યદક્ષતા સેવવામાં આવી રહી છે તે જોતાં ઘણી અનુકરણીય બાબતો ખેડૂતોના ખેતરમાં જોવા મળે છે. મલ્ચીંગ, સૂક્ષ્મ પીયત પધ્ધતિઓ, આંતરપાક, એકપાટલે પીયત જેવી બાબતો અપનાવવાની સહજ બની છે.

ઓછા ખર્ચવાળી ખેતીમાં સૌથી મોટી ખર્ચ ઘટાડાની વાત પાણીના વપરાશવાળી જ છે. ઘણાં સારા પ્રયોગોનુ પુનરાવર્તન કરવા કૃષિ તજજ્ઞો તથા આ પ્રકારના કૃષિ પ્રોજેકટ પર કામ કરનાર સંસ્થાઓ આ માટે પધ્ધતિસરની ખેડૂતોની તાલીમો આપે છે. તેનાથી તેમનામાં વિકસેલ કુશળતાઓ ઉપયોગમાં લે તે માટેનું અનુસરણ પણ કરે છે. આમ, ખેડૂતો પોતાની સ્થિતિને બહેતર બનાવવા પ્રયાસ કરી રહયા છે.

હમણા આપણે સાંભળીએ છે કે ૦ (જીરો) બજેટ વાળી ખેતી એટલે કે ખર્ચ વગરની ખેતી એટલે કે ગાય આધારીત ખેતી તરફ ખેડૂતો જઈ રહયા છે. ગાયની વાત આવી તો જાણે કે ઔષધીનો ભંડાર આપણી સામે છે તેમ લાગે કારણ કે આપણે જાણીએ છીએ કે આપણા શારીરિક કે માનસીક તમામ રોગમાં કયાંકને કયાંક ગાય ઉપયોગી થાય છે. ગાયના છાણનું લીંપણ માત્ર રેડીયોએકટીવીટીની અસર સમાપ્ત કરી દે છે. આ પ્રકારે ચોમાસાની વિદાય આપણને સારા પ્રયોગો તરફ લઈ જશે તેમ લાગે છે.

**સજા આપવાનો અધિકાર તેને જ છે, જેના દિલમાં લાગણીના તાંતણા હોય.**

## ખેત મજુરોમાં વ્યવસાયજન્ય રોગ

બાંધકામ, ઉદ્યોગો અને ખેતવ્યવસાય સાથે જોડાયેલા લોકોમાં જે પણ માંદગી જોવા મળે છે તેમાં વ્યવસાય આધારિત શારીરિક કે માનસીક માંદગીઓ જે તે વ્યવસાયને અસર કરે છે. માટે તે કાર્ય સાથે સંકળાયેલા મજુર અને માલીકો બંને માટે સરખી સમસ્યા છે. આ મહિને યોજાયેલ ગુજરાત વોલંટરી હેલ્થ એસોસીએશનની એક કાર્યશાળામાં આ બાબતો રજુ થઈ. તેના અમુક અંશો આપની સમક્ષ મુકુ છુ.

ઉપરોકત તમામ વ્યવસાયો પૈકી આજે ખેતવ્યવસાય સાથે જોડાયેલાઓની આ સમસ્યા પર વાત કરીએ.

દર વર્ષે ૫૦ લાખ સર્પદંશ નોંધાય છે તેમાંથી ૧ લાખ લોકો મૃત્યુ પામે છે. સર્પદંશથી સલામત રહી શકાય તે માટેની કાળજી તથા સમયસરની સારવાર આ મૃત્યું આંક ઘટાડી શકે.

લેપ્ટોસ્પાયરોસીસના જીવાણું પ્રાણીઓમાં હોય, તેના પેશાબ દ્વારા પાણીમાં ભળે, ખેત મજુર ખુલ્લા પગે કામ કરતાં હોય તો તેનામાં પ્રવેશે છે. દર વર્ષે ૧૦ લાખ લોકોમાં લાગતા આ ચેપને લઈ તેમાંથી ૫ ટકા લોકો મૃત્યુ પામે છે. ડાંગર કે શેરડીવાળા ખેત વિસ્તારમાં વધુ જોવા મળે છે.

અણધાર્યા અકસ્માત કે ઈજા વખતે ખેતરોમાં સારવાર મળવી લગભગ અસંભવ હોય જેની અસર જબરજસ્ત જોવા મળે છે. આપણે પ્રવાસમાં જઈએ ત્યારે પ્રાથમિક સારવારની કીટ યાદ કરીને ખરીદીએ અને સાથે લઈ જઈએ છીએ પણ આપણા ઘરમાં આવી સગવડ હોય તેમ ઓછુ જોવા મળે આ પરિસ્થિતી કે માનસીકતા જોતા લાગે કે ખેતરમાં પ્રાથમિક સારવારના સાધનો કે સેફ્ટી કીટ જોવા મળે જ નહી.


ખુલ્લા પગે કામ કરતા હોય ત્યારે Hook-warm એક પ્રકારના કરમીયા શરીરમાં દાખલ થાય છે. પોતે માનવશરીરમાંથી પોષણ મેળવે જેનાથી લોહીના ટકા ઘટે છે.

પેસ્ટીસાઈડઝ (ઝેરી જંતુનાશકો) ખેતરમાં ખુબ વપરાઈ રહયા છે. આ દવાઓ છાંટતી વખતે રાખવાની કાળજી કેટલા લોકો રાખે છે ? માન્ય હોય તેવી દવાઓ ભરોસાપાત્ર સ્થળેથી અને પાકું બીલ લઈને ખરીદી હશે તો તેમાં સ્થાનિક ભાષામાં પણ એ દવા કઈ રીતે વાપરવી તે બાબત જણાવી હશે. માણસની સુરક્ષા બાબતે પણ સૂચનો કર્યા હોય તે સારી રીતે વાંચીને સમજવા અને તેનું પાલન કરવું જરુરી છે.

તમામ પ્રકારના વ્યવસાયકારો કે મજુરી સાથે સંકળાયેલા લોકોમાં વ્યવસાયજન્ય રોગ થાય છે તે માટે સંસ્થાઓના પ્રતિનિધિઓએ આરોગ્ય સેવાના નિષ્ણાંતો સાથે રહી માર્ગદર્શન મેળવ્યુ અને પોતાના કાર્યક્ષેત્રમાટે આયોજન કર્યુ હતુ.

**પ્રેમલ જોષી (હરિરાજ, અમરેલી)**

**તમારા એક શબ્દથી કોઈને પીડા થતી હોય તો તમારી બધી જ ભલાઈ નકામી છે.**




શ્રી ડો. ધીરૂભાઈ ઠાકરએ રજુ કરેલા વિચારો બીજી ઓકટોબરએ આપણે ગાંધીજીની જન્મ જયંતિ નિમિતે મમળાવીએ....ગાંધીજીનું સાહિત્ય વિપુલ છે. સાહિત્ય સર્જન માટે નહીં, પણ લોક શિક્ષણ અર્થે તેમની લેખન–પ્રવૃતિ હતી. એટલે તેમના જીવન કાર્યનો અર્ક તેમના સાહિત્યમાં ઉતરેલો છે. ગાંધીજીનું સાહિત્ય, કોસ હાંકનાર પણ સમજી શકે તેવા ભાષા વાપરવાના તેમના આગ્રહનું ઉત્તમ દષ્ટાંત પુરૂં પાડે છે. છેલ્લામાં છેલ્લા સ્તરનો માણસ પણ સમજી શકે તેવી સાદી, સરળ અને સીધી અસર કરે તેવી ભાષાનો પ્રયોગ તેમને સહજ સિદ્ધ હતો. સાદી અને તળપદી ભાષામાં ભવ્ય અને દુર્ગમ વિચારો રજૂ કરવાની તેમનામાં શકિત હતી. બંદૂકની ગોળી જેવાં ટૂંકા ટૂંકા વાકયોથી તેઓ ધારી અસર ઉપજાવી શકતા હતા. બુદ્ધ અને મહાવીરની માફક તેમણે લોકભાષાનો બહોળો ઉપયોગ કરેલો.

**રમુજ એક થેરપી**

**છોકરી :** આપણે જયારે લગ્ન કરીશું એ પછી હું તમારી બધી ચિંતાઓ, મુશ્કેલીઓ, વહેંચીશ અને હળવી કરીશ.

**છોકરો :** પણ, મારે તો કોઈ મુશ્કેલીઓ કે ચિંતાઓ છે જ નહી.

**છોકરી :** એ તો હજી હું તમને કયાં પરણી છું..

**પ્રેમ અને સહકારથી ભરેલો પરિવાર ધરતી પરનું સ્વર્ગ છે**

## ખેડૂતોની તાલીમ અને પ્રેરણા પ્રવાસ

તા. ૦૮/૦૯/૧૫ના રોજ હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ ખાતે ખેત ઉત્પાદક સંઘની રચના અંગેની તાલીમ તથા એગ્રો પ્રોડયુસર કંપનીઓના સ્ટાફ અને સંચાલકો સાથે તેમના અનુભવો જાણવા જાફરાબાદ તાલુકાના ખેત ઉત્પાદકો મળ્યા હતા. આ પ્રસંગે તાલીમ તથા પ્રેરણાપ્રવાસ યોજવા પાછળનો આશય સ્પષ્ટ કરતા નાબાર્ડના આસીસ્ટંટ જનરલ મેનેજરશ્રી નીલેષ શાહએ જણાવ્યુ હતુ કે સંગઠનની રચના, નોંધણી અને વ્યવસાયિક કામ શરૂ કરવા માટે જરૂરી કુશળતાઓ, આ બની રહેલા ખેડૂત સંગઠનના સભ્યોમાં આવે તે જરૂરી છે અને તે માટે આજનો આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. અમરેલીના જીલ્લા લીડ બેંક મેનેજરશ્રી બી.એલ. જાટોલીયાએ ખેતી માટે બેંક ધિરાણ સુગમતા અંગે



માહિતી આપી હતી. ખેત ઉત્પાદક સંઘની રચના માટે સંસ્થાના કાર્યકર પરિતા પટોળીયાએ જણાવ્યું હતુ કે, સંગઠનનો વિસ્તાર તથા ખેડૂતોની ઓળખનું કાર્ય પુર્ણ થતા તે વિસ્તારનો પ્રાથમિક સર્વે હાથ ધરાયો અને મળેલ માહિતીઓના આધારે એક ડેટાબેઈઝ તૈયાર કરવામાં આવ્યો છે. દરેક ગામોમાં ખેડૂતોના લર્નીંગ ગૃપ, આત્મા સાથે જોડાયેલા ખેડૂતો, ફાર્મર્સ કલબના સભ્યો, બાયોડાયવર્સીટી કમીટીના સભ્યો, સહકારી મંડળીઓ, સ્વસહાય જુથો, પંચાયત, શાળાઓ વિગેરે સાથે બેઠકો કરી ખેત ઉત્પાદક સંઘ અંગે જાગૃતિ લાવી શકયા છીએ. તેમણે સહભાગીઓને સંગઠન રચના સંબંધી તેમના ઉદેશો, કાર્યો અને સંચાલન સંબંધી બાબતોમાં સમજ બનાવવા પ્રયાસ કર્યો.

**વિશ્વાસ રબર જેવો છે, દરેક ભૂલ સાથે ઘસાતો જાય છે.**

જાણીતા ખેડૂત આગેવાનશ્રી પ્રફુલભાઈ સેંજલીયાએ આ પ્રકારના સંગઠનમાં જોડાવાની કે સંગઠનની જરૂર સમજાવતા જણાવ્યુ હતુ કે આજે ખેતી છે તે ધીમે ધીમે ખોટ તરફ જતી રહી છે ઉત્પાદન વધ્યું છે પરંતુ નફામાં વધારો જોવા મળ્યો નથી. આજે ઉત્પાદન વધ્યું છે તેની સામે મોંઘવારી પણ એટલી જ વધી છે જેના કારણે ખેતીમાં થતા ખર્ચના પ્રમાણમાં ભાવો છે તે ખેડૂતોને વળતરના પ્રમાણમાં મળવા જોઈએ તેટલા મળતા નથી. આજથી ૩૦ વર્ષ પૂર્વેની વાત કરીએ તો ત્યારે ઘંઉ છે તો એ ૨૦ ના મણ વેંચાતા અને સોનું છે તે રૂપિયા ૧૭૦માં તોલું મળતું હતું. જયારે આજે ઘંઉ ૪૦૦ના મણ અને સોનું છે ૩૦,૦૦૦નું છે. આવા અનેક ઉદાહરણો સહભાગીઓ સાથે સાથે વહેચ્યા હતા. સાથે સાથે શ્રી ગોબરભાઈ બોરડ પણ પોતાના વિચારો રજુ કરતા રહયા હતા.




શ્રી બિપીનભાઈ જોષીએ જાફરાબાદની વનૌષધિઓ તથા ખેતી પાકોમાં મુલ્ય વર્ધન બાબતે તાલીમાર્થીઓની સમજ બનાવી હતી. સંગઠનની નોંધણીના વિવિધ કાયદાઓની ચર્ચા પછી આ સંગઠનને પ્રોડયુસર કંપનીના નિયમો હેઠળ નોંધાવવાનું નક્કી થતા શ્રી કુલદીપ દિક્ષિતએ તે માટેની સઘળી પ્રક્રિયા સમજાવી હતી.

સંગઠનના મેમોરેન્ડમ તથા આર્ટીકલની વિગતો ચર્ચામાં લેવાઈ જેમાં એક શેરની કીંમત રૂા. ૧૦ રાખવી, ઓછામાં ૫ અને વધુમાં વધુ કંપની ધારા મુજબ ડાયરેકટરો રાખવા તથા બોર્ડ રોટેશન પોલીસી સહીતની તમામ બાબતો નક્કી કરવામાં આવી હતી.

**મોટામાં મોટી કળા એટલે જીવન જીવવાની કળા.**

## ટકાઉ ખેતી

ખેડૂત મિત્રો, ગુલાબી ઈયળના પ્રકોપથી તો આપણે લગભગ બચી ગયા. લોકોના સાથે રહીને થયેલ પ્રયત્નો રંગ લાવ્યા. હવે ભાદરવો શરૂ થયો અને આકરા તાપો પડવા લાગ્યા પિયતની પણ તાતી જરૂરીયાત ઉભી થઈ છે. આ મોસમમાં ફુલ ભમરીના ખરણનું પ્રમાણ વધ્યુ. તેને મહંદ અંશે અટકાવી શકીએ તો ઉત્પાદન વધે. તેના ઉપાયો નીચે મુજબ છે.

પિયત શકય હોય ત્યાં સુધી વહેલી સવારે અથવા સાંજના સમયે અને રાત્રે આપવું બપોરના સમયે પિયત આપવાનું ટાળવું.

ઉત્તમ પિયત પધ્ધતી છે "ટપક" જો તેમ કરીએ તો મોટા ભાગનું ખરણ અટકાવી શકાય. આ પધ્ધતી ના હોય તો એક પાટલે પિયત આપવું. એક પાટલે પિયત આપવું અને એક પાટલું કોરૂં રાખવું. બીજા પિયત વખતે અગાઉ રખાયેલ કોરા પાટલે પિયત આપવું. ૮૦ થી ૯૦ દિવસના કપાસની ઉપરની ટોચ કાપી નાખવી, ૧૩–૦–૪૫ (KNO3) નો છંટકાવ કરવો. જે છંટકાવમાં એક પંપમાં ૧૫૦–૨૦૦ ગ્રામનું પ્રમાણ રાખવું એક એકરમાં ઓછામાં ઓછો બે કિલોનો છંટકાવ કરવો. અઠવાડિયાના સમય ગાળે ચાર છંટકાવ કરવાથી ખરણ અટકાવી શકાય. છોડની તંદુરસ્તીમાં વધારો થશે જેથી રોગ જીવાતો પણ અટકશે.

***ડી.એન. ઝાલા, (એસએસકેકે, ધોકડવા)***

## અવિરત સ્વમુલ્યાંકન

અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીની સ્થાપના ૨૦૦૬માં થઈ. વિવિધ પ્રયાસો બાદ તેની કામગીરી પ્રમાણમાં બહેતર બની છે. તેમ છતાં તા.૨૪ અને ૨૫ સપ્ટેમ્બરના રોજ સ્વ મુલ્યાંકન માટે સંસ્થાનો સ્ટાફ, બોર્ડ ઓફ ડીરેકટર્સ અને શેર હોલ્ડર્સ સાથે આ કવાયતમાં જોડાયો.

આ કવાયત ઈન્ડિયન ફાઉન્ડેશન ફોર હયુમીનીટી ડેવલોપમેન્ટ દ્વારા ચાલતા પ્રોચીફ પ્રોગ્રામના ડેપ્યુટી ડાયરેકટર સી.જે. રોબેન્સ, પ્રોચીફના પ્રતિનિધિ મનીષે હાથ ધરી હતી. જેમાં ટાટા ટ્રસ્ટના પ્રતિનિધિ મલ્લીકા શ્રીવાસ્તવ તથા સીએસપીસીના પ્રતિનિધિ વિકલ્પ ગુપ્તા પણ જોડાયા હતા.

અવિરત કંપનીની વાસ્તવિક પરિસ્થિતીઓ વિશે અને પ્રોડયુસર કંપનીને કેમ મજબુત અને વિકસીત કરી ભવિષ્યમાં લાંબો સમય બજારમાં ટકી રહે તે માટે પ્રશ્નોત્તરી થઈ તેના ઉતરોને આધારે મુલ્યાંકનની પ્રક્રિયા થઈ.

તાલીમની જરૂરીયાત, લાંબાગાળાની વ્યૂહરચના, સ્ટાફની કાર્યક્ષમતા, માર્કેટીંગ, ઉત્પાદન અને હિસાબી, વહિવટી અને વ્યવસાયિક પોલીસી ઘડવી વિગેરે બાબતો નીકળી આવી હતી. કંપનીને વિકસીત કરી વધારેમાં વધારે ખેડુતને ફાયદો થાય અને બજાર મળી રહે તે માટે કાર્ય કરવું તેની ચર્ચા કરવામાં આવી હતી.

***જ્ઞાન એવિચારની આંખ છે. વૈરાગ્ય એ વિશ્વાસની આંખ છે.***

## આઈપીડીએમ તાલીમકારોની તાલીમ

સંકલિત જીવાંત અને રોગ નિયંત્રણ માટે પ્રોડયુસર યુનિટના સભ્યોની તાલીમકાર તરીકેની કુશળતા બને તે હેતુથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલીમાં તા. ૧૧/૯/૨૦૧૫ના રોજ તાલીમ યોજાઈ. શ્રી અશોક શેલાર તથા નિર્મળ કથીરીયાએ તાલીમ વિશે માહિતી આપી.

સીનીયર સાયન્ટીસ્ટ શ્રી ડો. એન.એસ જોષીએ કપાસએ મહત્વનો રોકડીયો પાક છે અને તે સફેદ સોના તરીકે ઓળખાય છે તેના ઉત્પાદનના વર્ષવાર આંકડાઓ સાથે કપાસના ઈતિહાસની ઝાંખી કરાવી. ઉત્પાદન અને ઉત્પાદકતામાં ગુજરાતના સ્થાન બાબતે માહિતી આપી. કપાસની વૃધ્ધિ, તેની જાતોની જાણકારી આપી. ફળદ્રુપતા તથા ઉત્પાદન વધારવા માટે સંકલિત પોષણ વ્યવસ્થાપન નું મહત્વ જણાવ્યુ હતું. તે અંગે પ્રાયોગિક સમજ આપી નેટ હાઉસની સ્થળ મુલાકાત કરાવી હતી. ઉતમ કપાસની ઉત્પાદનલક્ષી ખેત પધ્ધતિઓ સમજાવી હતી.

સંશોધન વૈજ્ઞાનિક શ્રી ડો. એમ. એલ. પટેલએ બેટર કોટનમાં આઈપીએમ/આઈડીએમમાં બાયો કંટ્રોલ પ્રેકટીસીઝ સમજાવવાની શરૂઆત કપાસ વિશેની સામાન્ય ચર્ચાથી કરી. જેમાં ઈયળોની સાયકલ અને ચુસીયા જીવાતો વિશે તેમજ તેની અવસ્થા વિશે જાણકારી તીમાર્થીઓને મળી. તેમજ તેમણે બીટી ટેકનોલોજી સમજાવી હતી.

સંશોધન વૈજ્ઞાનિક શ્રી પી. જે. પ્રજાપતિએ કપાસના પાકમાં સંકલિત પોષણ વ્યવસ્થાપન વિષે વિસ્તૃત અંગે માહિતી આપી હતી. જળ વ્યવસ્થાપનની બાબતોમાં રીચાર્જી, જરૂર પુરતા પાણીનો સંગ્રહ, સિંચાઈની વિવિધ પધ્ધતિઓ અને પાણીનો અસરકારક ઉપયોગ સમજાવ્યો હતો. પાણી વ્યવસ્થાપનના ડેમો જોયેલા હતા અને ખેતીના તમામ સાધનો વિશે ચર્ચા કરી તેમજ સંશોધન વૈજ્ઞાનિક શ્રી એચ. સી. સોડવડીયાએ મજુરો અને ખેડૂતોમાં આરોગ્ય અને સલામતિની બાબતો, બાળ મજુરી અને મજુરીમાં થતાં ભેદભાવ અંગે જણાવતા કહયુ હતું કે ખેત કાર્ય સાથે સંકળાયેલા સમૂહ સાથે સંસ્થાના કાર્યકરોએ આ બાબતો સમજાવવાની કુશળતા બનાવવી જરૂરી છે અને તે માટે ઉંડી સમજ જરૂરી છે. બાળકોમાં જીજ્ઞાસા વૃદ્ધિ વધારે જોવા મળતી હોય છે કાર્ય કરવા માટે તેનામાં વધારે કુશળતા પડેલી હોય છે  આંતર રાષ્ટ્રીય મંજૂર સંઘ દ્વારા બાળકો જે મજૂરી કામ કરતા હોય તેના પર બાળકોને શિક્ષીત કરવા, કુશળતામાં વધારો કરવો તેમજ રોજગારી લક્ષી કાર્યો હાથ ધરે છે હેલ્થ સિકયુરીટી સેફટી એન્ડ એન્વાર્યમેન્ટ વિશે જાણકારી મળી. આમ, પ્રોડયુસર યુનિટના કાર્યકરો ઉકત બાબતોમાં ખેડૂતોની તાલીમ કરવામાં સક્ષમ બન્યા હતા.

***આંખમાં અમી તો દુનિયા ગમી, જીભમાં અમી તો દુનિયા નમી.***

**Engage in this month**

| | |
|---|---|
| 8 | For FPO formation Jafrabad cluster's farmers training cum exposure at Amreli. |
| 11 | Training of trainers for team of producer unit 1 at Krushi Vigynan Kendra Amreli. |
| 12 | Team meeting at Amreli. |
| 12 & 29 | Review meeting of DISHA & SANG partners. |
| 12-13 | Training on learning enrichment for Education Facilitator at Amreli. |
| 14 | Health workshop and AGM of GVHA at Ahemdabad |
| 20 | Learning innovation workshop with government teacher at Amreli. |
| 21-22 | Self-appraisal of the FPO (AAPCL) by ProCIF program - India foundation for humanistic devel opment supported by Tata trust |
| 23 | Ekalnari meeting, Ahmadabad |
| 25 | Visit of Producer unit 2 by Dr. Sohi at Dhokadva office and its field area |
| 30 | SMCs federation cluster meeting at Babra |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**માતા પિતાના હર એક વચન પ્રેમથી પરિપૂર્ણ હોય તે સત્ય સ્વિકારો**